મારું રાજકોટ
સ્વચ્છ રાજકોટ
સ્વચ્છ સર્વેક્ષણ 2021

# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

'ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ'

RAJKOT MUNICIPAL CORPORATION
રાજકોટ મહાનગરપાલિકા

---

તા. ૩૦/૧૧/૨૦૨૧

---

-: અખબારી યાદી:-

# સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શ્રી વી.જે. મોદી સ્કુલ ખાતે વેસ્ટ સેગ્રીગેશન તથા હોમ કમ્પોસ્ટીંગ બાબતે સ્કુલના વિધાર્થીઓ માટે તાલીમનો કાર્યક્રમ યોજાયો

તારીખ: ૩૦-૧૧-૨૦૨૧

ભારત આઝાદીના ૭૫ વર્ષ તેમજ ભારતના વિકાસ અને સિધ્ધીની ઉજવણીના ભાગરૂપે આઝાદી કા અમૃત મહોત્સવ તથા કલીન ઇન્ડીયા પોગ્રામ ઉજવવામાં આવી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતાને લગત દૈનિક કામગીરીની સાથે-સાથે લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે પ્રત્યેક નાગરિક સ્વચ્છતા ઝુંબેશમાં સહભાગી બને તેવા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. જેના ફળ સ્વરૂપે હાલમાં સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧માં રાજકોટ મહાનગરપાલિકાને “બેસ્ટ સિટીઝન લેડ ઈનીશીએટીવ” કેટેગરીમાં પ્રથમ સ્થાન મળેલ છે. આ ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત આગામી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા તારીખ – ૨૯/૧૧/૨૦૨૧નાં રોજ શ્રી વી.જે. મોદી સ્કુલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે વેસ્ટ સેગ્રીગેશન તથા હોમ કમ્પોસ્ટીંગ બાબતે સ્કુલના વિધાર્થીઓ માટે તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

આ તાલીમ થકી શાળાના વિધાર્થીઓમાં ધરમાં ઉત્પન્ન થતા સુકા તેમજ ભીના કચરાને કઈ રીતે અલગ રાખવો તેમજ શાક-ભાજી ,ખાદ્ય સામગ્રી તેમજ ફૂલ-છોડના પાંદડા વિગેરેના કચરાનું ઘરમાં જ ખાતર કઈ રીતે બનાવવું તે અંગેની વિસ્તૃત માહિતી/સમજણ KPMGનાં CONSULTANT શ્રી દીપલભાઈ કાથડ દ્વારા આપવામાં આવેલ. આ પ્રસંગે શ્રી વી.જે. મોદી સ્કુલના ટ્રસ્ટી શ્રી રશ્મિકાંત મોદી તેમજ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અંતર્ગત રાજકોટ શહેરનાં “સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર ” તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે તેમજ સ્કુલના પ્રિન્સીપાલ શ્રી ઝાલા સાહેબ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના આસી.મેનેજર શ્રી મનીષભાઈ વોરા , સેનિટેશન ઓફિસર શ્રી કે.બી. ગોંડલિયા અને શ્રી એસ. જે. જાખણીયા તેમજ બહોળી સંખ્યામાં વિધાર્થીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રતિ,
તંત્રી શ્રી,
ઉપરોક્ત અખબાર યાદી જાહેર જનતાના લાભાર્થે આપના અખબારમાં વિના:મુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

પર્યાવરણ ઈજનેર
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા